# જેમની બારીએથી આપણે જગત જોયું
# તે સુરેશ દલાલે બારી બંધ કરી દીધી



૧૧.૧૦.૧૯૩૨ - ૧૦.૦૮.૨૦૧૨ (૭૯ વર્ષ)

## પ્રેમ અને ભક્તિના મૂળ ભાવની મૂડીથી આ સર્જક
## પ્રોઝ અને પોએટ્રીની નાવ પાર પાડતા જ રહ્યા

**લેખક: નરેશ કાપડીઆ**



જેમનાં કૃષ્ણકાવ્યો વાંચીને નાસ્તિક પણ આસ્તિક થઈ જાય તેવા પ્રેમ-ભક્તિના કવિ સુરેશ દલાલે તો જન્માષ્ટમીને જ મૃત્યુષ્ટમી બનાવી દીધી. વારંવાર જેમના વિચારો અને ઋજુતાથી પ્રભાવિત થતા આપણને એ ખ્યાલ જ ન આવ્યો કે સુરેશભાઈ 79 વર્ષના થઈ ગયા અને એમને પણ ઉંમર અને શરીરની મર્યાદાઓ હોય. આપણે તો દાયકાઓથી એમને તરોતાજા અને સાહિત્યિક તત્વોથી તરબતર અને તેમની અનુભૂતિઓનું અત્તર ચારેકોર છાંટતા રહેતા સર્જક તરીકે જ જોતા રહ્યા અને તેમની બારીએથી જગતને ઝાંખતા રહ્યા. હવે એ બારી બંધ થઈ ગઈ છે.

સુ.દ.ના નિધનના સમાચાર મળતાં એ ચિતાર આંખ સામે આવ્યો કે આ માણસે એક જીવનમાં કેટલું બધું અર્થસભર કામ કર્યું! તેઓ ખરેખર તો કોઈ શિક્ષક, સર્જક, અધિકારી કે વેપારીના રોલ મોડેલ બની શકે તેવું જીવી ગયા. તેઓ છંદમાં લખે કે અછાંદસ, તેમાં સુ.દ.ની સુવાસ હોય. તેમણે ગુજરાતી ભાષાના દિલ ડોલાવી નાંખે એવા કવિઓ ઊભા કરવામાં ટેકો આપ્યો, પણ તેથીય મોટું કામ એ કર્યું કે ગુજરાતી વાચકને કવિતા વાંચવા-સાંભળવા-ગાવા-શ્રવણ કરવાનો ચસ્કો લગાડ્યો. તે પણ પાંચ દાયકા સુધી તેઓ કરતા રહ્યાં.



સુરેશ પરસોત્તમદાસ દલાલનો જન્મ 11 ઓક્ટોબર, 1932ના રોજ થાણામાં થયો હતો. 1953માં બી.એ. થયા, 1955માં એમ.એ. અને 1969માં સાહિત્યમાં પીએચ.ડી. થઈને નામની આગળ 'ડોક્ટર'નું માનવંત લેબલ લગાવી દીધું. તેમણે એ માટે જીવનના પાછલા ભાગમાં મળે તેવી ડી. લિટ.ની રાહ ન જોઈ. માત્ર 24 વર્ષની ઊંમરે તો સુરેશભાઈ મુંબઈની કે. સી. કોલેજમાં ગુજરાતી ભાષા ભણાવવા માંડ્યા હતા. આઠ વર્ષ ત્યાં અધ્યાપન કરી 1964થી દસ વર્ષ સુધી મુંબઈની જ કે. જે. સૌમૈયા કોલેજમાં ભણાવતા ગુજરાતી વિભાગના અધ્યક્ષ બન્યા. 1973થી આઠ વર્ષ મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર રહ્યા. 1981માં પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ અને રિસર્ચના ડિરેક્ટર બન્યા. 1986માં તો રાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સભ્ય બની ચૂક્યા હતા. તેમનો કોલેજ શિક્ષણનો માતબર અનુભવ કામે લગાડવા તેમને વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ બનાવાયા. આ થઈ તેમની શિક્ષણ આપવા-લેવાની કારકિર્દી.

35 વર્ષની વયે સુ.દ.એ 'કવિતા' દ્વિમાસિકનું તંત્રીપદ શોભાવ્યું. તે ચાર દાયકાથી વધુ શોભાવતા રહ્યા. આ એમના જીવનનું સૌથી મોટું પ્રદાન. સાફસૂથરા સંપાદન અને પોતીકી શૈલીથી તેમણે કવિતાને વાંચવા જેવી બનાવીને પીરસી. અહીં જ સારાં પુસ્તકોનું પ્રકાશન કેવી રીતે થઈ શકે તેનાં બીજ તેમનામાં રોપાયાં હશે અને આપણને ઈમેજ પબ્લિકેશન્સનાં યાદગાર પુસ્તકો મળતાં રહે તેવા વટવૃક્ષનો છોડ ઊછર્યો હશે. તેમણે કવિતા સામયિક દ્વારા ગુજરાતી ભાષાને દેશ-વિદેશમાં સાહિત્યિક સ્વરૂપે વિસ્તારી અને દેશ-વિદેશની ઉત્તમ કૃતિઓને ગુજરાતી ભાષામાં અવતરણ કરાવ્યું. બે પેઢીના લેખકોનું સાન્નિધ્ય કે સંવર્ધનનું આ મોટું કાર્ય તેઓ ઉમદા રીતે કરતા રહ્યા, છેવટ સુધી.



તેઓ છપાયેલા શબ્દથી બોલાતા શબ્દો સુધી કવિતાને લાડ લડાવતા રહ્યા. પ્રેમ અને ભક્તિ તેમનાં મૂળ ભાવ. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં તેમણે કાવ્યોના અનુસંધાને કવિ સંમેલનો દ્વારા કે પ્રવચનો દ્વારા સુગંધ પ્રસરાવી. જો કવિ સંમેલનનું સંચાલન સુરેશભાઈ કરવાના હોય તો તે કવિઓ અને શ્રોતાઓ માટે એક યાદગાર પ્રસંગ બની રહેવાનો છે એવી ગેરંટી રહેતી. તેઓ પ્રોઝ અને પોએટ્રીની બંને નાવ એક સરખે હલેસે પાર કરતા રહ્યા. 'ચિત્રલેખા'નું પહેલું પાનું તેમના લેખથી ખૂલે. તેમના આ લઘુવિચાર લેખો દાયકાઓથી વાચતા-મમળાવતા-ચર્ચતા કેટલા બધા લોકો હશે!

સુ.દ.ની ખાસિયત વિચારોને પ્રસ્તુત કરવામાં તેમની પોતીકી શૈલીની હતી. તેમના કાવ્યસંગ્રહનાં શીર્ષકો જ તેની ખાત્રી આપશેઃ એકાન્ત, તારીખનું ઘર, અસ્તિત્વ, નામ લખી દઉં, સિમ્ફની, હસ્તાક્ષર, રોમાંચ, સાતત્ય, પિરામિડ, રિયાઝ, વિસંગતિ, કાવ્યકોડિયાં, સ્કાયસ્ક્રેપર, કાવ્યકણિકા,

ઘરઝુરાપો, ઘટના, એક અનામી નદી, કોઇ રસ્તાની ધારે ધારે, કાવ્યસૃષ્ટિ, પવનના અશ્વ, યાદ આવે છે.



સુરેશભાઈનું કુતૂહલ અને વિસ્મય સતત બાળસહજ રહ્યું, પરિણામે તેઓ બાળકની જેમ લખી શકતા. તેમનાં બાળકાવ્યોનાં શીર્ષકો એ વાતની સાક્ષી પૂરે છેઃ ઇટ્ટાકિટ્ટા, ધીંગામસ્તી, ચલકચલાણું, ભિલ્લુ, ટિંગાટોળી, પગની હોડી હાથ હલેસાં, થૂઈ થપ્પા, છાકમછલ્લો, બિન્દાસ, ઢિસુમ ઢિસુમ, પિપરમિન્ટના પહાડ પર, એક હાથે ચપટી, બખડજંતર, હાથીભાઇ દાંતવાળા તેમના બાળકાવ્ય સંગ્રહો છે, તો કીડી અને વાંદો, મમ્મી મારી વાતો તેમની બાળવાર્તાઓના સંગ્રહ છે. તો આપણી નદીઓ, જોઉં-વિચારું ગાઉં છું એ એમણે સર્જેલું બાળ-કિશોર સાહિત્ય છે.

સુ.દ. મુખ્ય તો નિબંધોના લેખક. તેમણે તેમની બારીમાંથી જગતને જે રીતે નિરખ્યું અને આપણને બતાવ્યું તે બેનમૂન છે. આ શ્રેણીમાં તેમનું 31મું પુસ્તક ‘અનુભૂતિનું અત્તર’ આવી રહ્યું છે. તેમણે બીજું કંઈ ન કરીને માત્ર નિબંધો લખ્યા હોત તો પણ ઓછું નહોતું. તેમના નિબંધોનો સંગ્રહ જુઓઃ મારી બારીએથી, ચહેરાઓના વનમાં, સાવ એકલો દરિયો, મારી આસપાસનો રસ્તો, પગલાંથી પંથ એક ફૂટ્યો, સમી સાંજના સામિયાણામાં, ભૂરા આકાશની આશા, મોજાઓને ચીંધવા સહેલાં નથી, અમને તડકો આપો, સુરેશ દલાલના શ્રેષ્ઠ નિબંધો, ઝલક નવનીત.

અન્યોથી તેઓ પ્રભાવિત થયા તો તેમાંય આપણને, વાચકને ભાગીદાર બનાવતા રહ્યા સુરેશભાઈ. મહાન સર્જકોનાં સર્જનોને પોતાની કંકાવટીમાં ઝબોળી તેમણે વાચકને તિલક કર્યાં અને વિવેચનોઃ અપેક્ષા, નરસિંહ મહેતા, ચાર કવિ, કવિ ખબરદાર, પ્રક્રિયા, ખલિલ જિબ્રાન, સમાગમ, હરમાન હેસ, ઇમ્પ્રેશન, વોલ્ટ વ્હિટમાન. તેજ દિશામાં મળ્યા અનુવાદોઃ માટીની મમતા, કેશવસૂત, ચાંદનીની લૂ, સૌંદર્યમીમાંસા. ગુજરાતીમાં તેમણે આપણને આપી મરાઠી કવિતાઓઃ પુ.શિ. રેગે અને મંગેશ પાડગાંવકરની. તે ઉપરાંત તેમણે જે સંપાદનો કર્યાં તે યાદગાર રહ્યાં. જરા જુઓ તો ખરા કે આપણને વાંચવું ગમે એવું આપવા માટે તેમણે શું શું કર્યું છે! આ રહ્યાં એ સંપાદનોઃ લ્હેરખી, નજરું લાગી, ઉપહાર, કવિનો શબ્દ, તપોવન, મીરાંબાઇ, સમિધ, કેટલીક વાર્તાઓ- સુન્દરમ્, ગુલછડી, વીથિકા, સમન્વય, સહવાસ, કેટલીક વાર્તાઓ- જયંત ખત્રી, હયાતી, વગડાનો શ્વાસ, કાવ્ય કોડિયાં, ગંગાજળથી વોડકા સુધી(અમૃતા પ્રીતમનાં કાવ્યો), કાવ્યઝલક, ગદ્યઝલક, કવિતા, ગુજરાતી કાવ્યસમૃદ્ધિ , કાવ્ય પરિચય... એક સર્જક જ્યારે બીજાને દિલથી જ્યારે જ્યારે પોંખશે ત્યારે આપણને સુરેશ દલાલ યાદ આવશે. તેમની- મોરારિ બાપુના

સાંનિધ્યમાં અને સંતસમાગમ યાદગાર મુલાકાતો છે. પિનકુશનમાં તેમની પોતાની નવલિકાઓ છે, તો એન્થની એન્ડ ક્લિઓપેટ્રામાં જગતનું મશહૂર નાટ્યતત્વ છે.



સુરેશભાઈનું શ્રેષ્ઠ સન્માન વાચકને તેઓ જે વંચાવવા માગતા હતા, તે વાંચીને વાચકોએ જ કર્યું છે. 1983માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો એ તો નિમિત્ત હતું.

મૃત્યુ અંગે સુ.દ.એ કોઇક અનામી કવિનું ભજન 'ઈતના તુ કરના સ્વામી જબ પ્રાણ તન સે નીકલે'ને સમજાવતા લખ્યું હતુઃ આ કાવ્યમાં ડેથ-વિશ છે. દરેકને સદાયે જેમ પોતાના જીવનની કલ્પના હોય છે, તેમ પ્રત્યેકને પોતાનું મરણ કેવું હોય, એના વિશેની એક ઝંખના હોય છે. આ ઇચ્છામૃત્યુની વાત છે. કોઇકની ઝંખના ફળે છે, કોઇકની નથી ફળતી. આ કાવ્યમાં આટલી જ વાત છે કે શરીરમાંથી જ્યારે પ્રાણ વિદાય થાય ત્યારે હોઠ પર ગોવિંદનું નામ હોય. જીવનની છેલ્લી ક્ષણે ઇશ્વરનો સાથ-સંગાથ જોઇએ. સૌથી મોટી વાત એ છે કે મારો સાંવરિયો મારી નિકટ હોય, એનું સાંન્નિધ્ય હોય તો મરણની કોઇ પરવા નથી. મરણ સ્વયં એક ઘટના બને- મનગમતી ઘટના બને.

સર્જકનું મૃત્યુ નથી થતું, તેઓ તો જીવનલીલા સંકેલે છે. તેમનું સર્જન તો તેમને અમરત્વ આપે છે. સુરેશભાઈ મૃત્યુ પામ્યા એમ ન કહેવાય, એમણે બારી બંધ કરી એમ કહેવાય.


આપનો પ્રતિભાવ મોકલો:

nareshkkapadia@gmail.com

મો. 99099 21100